# ગુજરાત જાહેર સેવા આયોગ

## <u>અગત્યની જાહેરાત</u>

**<u>નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર, વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક: ૨૭/૨૦૧૬-૧૭) ની લેખિત મુખ્ય પરીક્ષાના ઉમેદવારો માટે</u>**

૧. ગુજરાત સરકારના વહીવટી વિભાગો અને ગુજરાત જાહેર સેવા આયોગ હેઠળની નાયબ સેકશન અધિકારી તથા મહેસૂલ વિભાગ હેઠળની નાયબ મામલતદાર, વર્ગ-૩(જાહેરાત ક્રમાંક:૨૭/૨૦૧૪-૧૫) ની જગ્યાઓની તા.૧૩/૧૧/૨૦૧૬ના રોજ લેવાયેલ પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ ઉમેદવારોનું કામચલાઉ પરિણામ **<u>તા.૧૩/૦૧/૨૦૧૭</u>** ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે.

૨. પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ ઉમેદવારોએ **તા.૧૧/૦૩/૨૦૧૭ (શનિવાર) તથા તા.૧૨/૦૩/૨૦૧૭ (રવિવાર)**ના રોજ આયોગ દ્વારા યોજાનાર આ જગ્યાઓ માટેની લેખિત મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. જે માટે ઉમેદવારોએ લેખિત મુખ્ય પરીક્ષા માટે **<u>તા.૨૪/૦૧/૨૦૧૭ ના ૧૩:૦૦ કલાકથી તા.૧૪/૦૨/૨૦૧૭ ના ૧૩:૦૦ કલાક</u>** સુધીમાં આયોગની વેબસાઈટ https://gpsc-ojas.gujarat.gov.in પર " Online " અરજીપત્રક ભરવાનું રહેશે. સદરહુ પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ ઉમેદવારોએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી તેનું પાલન કરવાનું રહેશે.

**<u>(i) online અરજી કરવાની રીત</u>** : અરજીપત્રક online ડાઉનલોડ કરવા માટે, ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની છે. આયોગનીhttps://gpsc-ojas.gujarat.gov.in વેબસાઇટ પર **"Main Exam Form/ Call letter"** પર **"Click"** કરવું. (ii) અહીં ઉમેદવારે પોતાની **"Select Job"** માં – "gpsc/20162017/27- ૧ નાયબ સેકશન અધિકારી વર્ગ-૩ અને **૨.** નાયબ મામલતદાર વર્ગ-૩ **"Select"** કરવું. (iii) ત્યારબાદ ઉમેદવારે પોતાનો **<u>"Confirmation Number"</u>** અને **<u>"Birth Date"</u>** ટાઇપ કરવાના રહેશે. (iv) ત્યારબાદ **<u>"OK"</u>** બટન દબાવવું. (v) **<u>અહીં તમોને Preference ના વિકલ્પ દેખાશે, તેમાં જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પૈકી (૧). નાયબ સેકશન અધિકારી, ગુજરાત સરકારના વિભાગો ૨. નાયબ સેકશન અધિકારી, ગુજરાત જાહેર સેવા આયોગ ૩. નાયબ મામલતદાર જે જગ્યા માટે આપ સ્પર્ધા કરવા ઈચ્છતા હોવ તે મુજબની જગ્યા સામે પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે. તેમાં પાછળથી સુધારાની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ.</u>** " Save Preference" કરવાથી Preferences Saved Successfully દર્શાવશે. ત્યારબાદ તમારા અરજીપત્રકની Print Main Exam Form દ્વારા પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે અને ફક્ત બિન અનામત કક્ષાનાં ઉમેદવારોએ **"Post Office Challan"** ની પ્રિન્ટ કાઢવાની રહેશે.(vi) જે ઉમેદવારે એક પણ જગ્યા /સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફકત અમુક જ જગ્યા/સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા /સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે. (vii) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ઉપર (v) મુજબની કાર્યવાહી કરવા ઉપરાંત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા અંગેની ભરવાની થતી ફી સંદર્ભે **<u>"Print Post Office Challan"</u>** ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ સાથે નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં **રૂ.૧૫૦=૦૦** ફી + પોસ્ટલ ચાર્જિસ ભરવાનો રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા લેખિત મુખ્ય પરીક્ષાના અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક જ્યારે સામાન્ય કેટેગરી સિવાયના ઉમેદવારોએ લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા માટેના અરજીપત્રકની પ્રિન્ટેડ નકલ કાઢી, આ અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક, (viii) આયોગની કચેરી **સેકટર-૧૦/એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર -૩૮૨૦૧૦ <u>ખાતે તા.૨૨/૦૨/૨૦૧૭ ના ૧૮:૧૦ કલાક</u>** સુધીમાં મળી જાય તે રીતે **<u>રૂબરૂ અથવા પોસ્ટ</u>** દ્વારા મોકલી આપવાનું રહેશે. (ix) પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા પછી જો **OJAS પરથી ફી મળ્યા બદલનો મેસેજ ન મળે તો તુરત જ જે પોસ્ટ ઓફીસમાં ફી ભરી હોય તે પોસ્ટ ઓફીસને તેની જાણ કરવી અને તે અંગેની સ્પષ્ટતા મેળવી લેવી.** (x) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. **ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં લેખિત** મુખ્ય **પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં**. આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે.**<u>રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડીયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં.</u>** જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

**૩.** લેખિત મુખ્ય પરીક્ષા ગાંધીનગર ખાતે યોજાનાર છે તેનો વિગતવાર કાર્યક્રમ, પરીક્ષા કેન્દ્રની વિગત, પ્રવેશપત્ર, સૂચનાઓ અંગેની વિગતો હવે પછી જણાવવામાં આવશે. દરમ્યાનમાં આયોગની વેબસાઇટ જોતા રહેવાનું સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે.

**૪.** અરજીપત્રક સાથે જોડવાના પ્રમાણપત્રોના નમૂના જેવા કે (i)સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ ના પરિપત્રથી નિયત થયેલ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ રમતગમતના પ્રમાણપત્રો, (ii) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-"ક" /પરીશિષ્ટ "૪" (ગુજરાતીમાં) (iii)સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૧૨/૨૦૦૮ ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિ./સિવિલ સર્જને આપવાના થતા અશક્તતા અંગેના ફોટાવાળા તબીબી પ્રમાણપત્રનો નમૂનો આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે. સંબંધિત ઉમેદવારોએ વેબસાઇટ ઉપર મૂકેલા નમૂના મુજબના પ્રમાણપત્રો મોકલવાના રહેશે, અન્ય નમૂનાઓમાં મોકલેલ પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં. આ પ્રકારની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં, અનુભવે એમ જણાયેલ છે કે કેટલાક ઉમેદવારો દ્વારા આ અંગે પૂરેપૂરી ચોક્કસાઇ અને કાળજી રાખવામાં આવતી નથી અને તેથી તેમની અરજી રદ કરવી પડે છે/તેમની ઉમેદવારી રદ કરવી પડે છે. આ ક્ષતિનું પુનરાવર્તન ન થાય તેની પૂરેપૂરી કાળજી રાખવા દરેક ઉમેદવારને જણાવવામાં આવે છે.

**૫.** જા.ક્ર.:૨૭-૨૦૧૬/૧૭ અંગેની અન્ય તમામ જોગવાઈઓ, શરતો અને સૂચનાઓ તા.૦૧/૦૭/૨૦૧૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ વિસ્તૃત જાહેરાત પ્રમાણેની જ રહેશે.

**૬.** લેખિત મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની ઉપર દર્શાવેલ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે.

તા.૨૩/૦૧/૨૦૧૭